# ॥ ન ભૂતો ન ભવિષ્ય ॥

કેટલીક પ્રતિભાઓ કોઈ વિશેષ ઉદ્દેશ માટે જ અવતરતી હોય છે. દક્ષિણ ભારતના ખોવા જેવડા ગામ કાલરીમાં જન્મેલાં શંકર નામનો છોકરો

**મેળામાં મળવા દો**

**ટોળાનું મેળામાં રૂપાંતર કરવું**
**એ મારો જીવનધર્મ**
**- મારું જીવનકર્મ.**
**મેળામાં માણસ હળતો હોય છે**
**મળતો હોય છે**
**સમયને સોહામણો કરતો હોય છે.**
**હું 'છે'નો માણસ છું**
**'નથી નથી' પર છેકો મૂકું.**
**કોઈક ઈમારત પડતી હોય**
**તો ટેકો મૂકું.**
**માનવની પાછળ માધવ છે**
**ને રાઘવ છે.**
**મારી પાસે વાંસળી છે**
**ને શિવ-ધનુષ્ય.**
**ઈશ્વર ને શયતાનની વચ્ચે**
**હું તો મારે રહું મનુષ્ય.**
**મનુષ્ય થવું એ જ મોટી વાત.**
**પૃથ્વીમાં હું જોઉં સ્વર્ગને**
**મારી એ જ મિરાત.**
**ટોળાને ટળવા દો**
**મેળામાં મળવા દો.**

**- નરેન્દ્ર મોદી**

ફક્ત બત્રીસ વર્ષના ટૂંકા આયુષ્ય દરમિયાન સનાનત ધર્મને ભારત વર્ષના ચાર ખૂણે મજબૂત થાંભલા રોપી રાષ્ટ્રવ્યાપી સ્થિરતા પ્રદાન કરશે - એવી કોઈને કલ્પના પણ આવી ખરી? રામેશ્વરના દરિયા કિનારે ગરીબ માછીમાર કુટુંબમાં જન્મેલો બાળક પંખીટોળાને ઊડતું નિહાળી પોતે પણ ઊડવાનું સપનું જુએ અને કાલાન્તરે ઊડીને છેક રાયસીના હિલ્સના રાષ્ટ્રપતિ ભવનનો નિવાસી બને એવું કોઈને મનાય ખરું? પણ આદિ શંકર અને પૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામનાં ઉદાહરણો આપણી સામે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પણ એમની જ પંગતમાં પાટલો માંડ એવી વિભૂતિ છે એટલું તો હવે એમના કટુ ટીકાકારો પણ સ્વીકારે છે.

નરેન્દ્રભાઈનું બાળપણ એક ઉત્સાહી અને સ્વપ્નશીપ છતાં કઠોર વાસ્તવને સુપેરે સમજી શકનારા કિશોર તરીકે વતન વડનગર ખાતે વીત્યું. કોઈ અગમ્ય સંકેતથી એમણે સત્તર વર્ષની કાચી વયે જ વહાલું વતન છોડી પોતાની કેડી જાતે જ કંડારવાનો દૃઢ સંકલ્પ કર્યો. સાવ અકિંચન યુવાન રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના પ્રચારક તરીકે ગુજરાત આખું ઘમરોળી વળ્યો. વિવેકાનંદની જેમ એણે રાષ્ટ્રદેવતાની આરાધના કરી. પડકારભરી જવાબદારીઓ ઉઠાવવામાં કયારેક પાછી પાછી પાની ન કરી. પછી ભલે વરિષ્ઠ નેતા મુરલીમનોહર જોષી સાથે શ્રીનગરના લાલ ચોકમાં ત્રિરંગો ફરકાવવા જવાનું હોય કે લાલકૃષ્ણ અડવાણીની રામજન્મભૂમિ રથયાત્રાના સારથિ તરીકે ફરજ નિભાવવાની હોય. નરેન્દ્રભાઈ એ જોખમો વહોરી વહોરીને પોતાનું અંતસ્તત્વ વધુ ને વધુ મજબૂત બનાવ્યું છે. એ રાજકારણમાં તો કદાચ કોઈ નિયતિના ગૂઢ સંકેતથી એના વિશેષ દૂત તરીકે આવી ચડ્યા છે. મૂળભૂત સ્વરુપે તો તેઓ શ્રી અરવિંદ અને વિવેકાનંદની પંગતના યોગી છે. અત્યારનું એમનું જટાજૂટ સ્વરુપ એમના એ યોગી સ્વરુપની જ સાહેદી સમું છે.

**એમની મર્યાદાઓ પણ તેઓ સુપેરે જાણે છે. પરંતુ એ મર્યાદાઓ અને પ્રતિકૂળતાઓને અતિક્રમીને તેઓ હરદમ આગળ વધતા રહ્યા છે. એમને ઉપનિષદ્‌નો મહામંત્ર ચરૈવેતિ, ચરૈવેતિ.... આત્મસાત્ કર્યો છે. ભારતને અનેક વિકટ સમસ્યાઓ વચ્ચેથી ઊંચકીને તેઓ વૈશ્વિક મહાસત્તા બનાવવા કૃતસંકલ્પ છે.**

કદાચ એમની આધ્યાત્મિક શક્તિના બળે જ તેઓ અદના વડનગરવાસીથી વિશ્વનાયક સુધીની સફર સફળતાપૂર્વક પાર પાડી શક્યા હશે. એમના વિદ્યાગુરુ રા. સુ. મણિયારને તો એમની આ ઊર્ધ્વયાત્રાનો અણસાર છેક એમની વિદ્યાર્થી અવસ્થા દરમિયાન આવી ગયો હતો. એટલે નરેન્દ્રભાઈ મોદીને અન્ય રાજપુરુષો કરતાં જુદાં ખાનામાં મૂકીને જુદાં ચશ્માંથી જોઈએ તો જ એમનું સમ્યક્ દર્શન થઈ શકે.

સરસ્વતીચંદ્રની જેમ એમણે તરુણ વયે ગૃહત્યાગ કરી જિંદગીના ઉત્તરકાળમાં કેવડું ઊંચું આરોહણ કરી દીધું! એ સાચા અર્થમાં નેતા કે વડાપ્રધાન કરતાં શાશ્વત લોકનાયક પદ પર પહોંચેલાં રાજપુરુષ છે. રાજકારણમાં રહીને પણ એમનું અંતરંગ તો એનાથી અળગું જ રહ્યું છે. એમના 'સાક્ષી ભાવ' જેવાં પુસ્તકો વાંચીને કે એમની દિનચર્યા તથા 'મન કી બાત' સાંભળીને આ બાબતની પ્રતીતિ થયા વિના રહેતી નથી. આટલી સુદીર્ઘ કારકિર્દી દરમિયાન એમના વિશુદ્ધ ચારિત્ર્ય સામે કોઈ આંગળી ચીંધી શક્યું નથી. 'ખાતો નથી અને ખાવા દેતો નથી?' - નું સૂત્ર એમના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારને અગાઉની તમામ સરકારો કરતાં મૂઠી ઊંચેરી સ્થાપી આપે છે. એમનામાં વિજેતાનું ઝનૂન જરૂર છે. એ રાજનેતામાં હોવું અનિવાર્ય પણ ગણાયું છે. ધાર્યા નિશાન પાડે નહીં ત્યાં સુધી એ જંપ વાળીને બેસી શકતા નથી. કાર્યકર્તા અને કર્મચારી બેઉને એમને કર્મયોગીના સ્તરે ઊંચે ઊઠાવ્યા છે. વિકાસ એમને મૂળ મંત્ર છે. એ માટે એ સૌના સાથ અપેક્ષે છે. કૃતજ્ઞ રાષ્ટ્ર એમની કદર કરતું રહ્યું છે. સામે એને 'જગદ્‌ગુરુ'નું ગુમાવેલું પદ પાછું અપાવી વૈશ્વિક ઈકોનોમીની રૂએ મહાસત્તા બનાવવા એ અહર્નિશ કાર્યરત રહે છે. વિકટ આંતરરાષ્ટ્રીય સંજોગોમાં એમને ભારતની આગવી ઈમેજ ઊભી કરી છે. અગાઉની જેમ કોઈ ભારતને 'ટેકન ફૉર ગ્રાન્ટેડ' લઈ શકતું નથી.

એમને ઈતિહાસ રચતાં આવડે છે. તીન તલાક અને કાશ્મીર કે અયોધ્યા જેવા મુદ્દાઓ પર એમણે જે દૃઢ નિર્ણયો લીધા એ લેવાનું બીજા કોઈ નેતાનું ગજું નહોતું - અટલબિહારી વાજપેયી સુધ્ધાં એ સાહસ નહોતા કરી શક્યા. એ કાશ્મીરની કવિતા લખીને અટકી ગયા હતા. પૂર્ણ બહુમતી હોત તો પણ નરેન્દ્ર મોદી સિવાય બીજો કોઈ વડાપ્રધાન આ નિર્ણયો ભાગ્યે જલઈ શક્યો હોત. નરેન્દ્રભાઈમાં પંડિત નહેરુની વૈશ્વિક કરિશ્મા છે, ઈંદિરા ગાંધીની હિંમત છે અને વાજપેયીની દૂરંદેશી છે. આ ત્રિવેણીસંગમ એમને ભારતના અત્યાર સુધીના કર્ણધારોની સરખામણીએ દશાંગુલ ઉફરા સ્થાપે છે.

એમની મર્યાદાઓ પણ તેઓ સુપેરે જાણે છે. પરંતુ એ મર્યાદાઓ



અને પ્રતિકૂળતાઓને અતિક્રમીને તેઓ હરદમ આગળ વધતા રહ્યા છે. એમને ઉપનિષદ્‌નો મહામંત્ર ચરૈવેતિ, ચરૈવેતિ.... આત્મસાત્ કર્યો છે. ભારતને અનેક વિકટ સમસ્યાઓ વચ્ચેથી ઊંચકીને તેઓ વૈશ્વિક મહાસત્તા બનાવવા કૃતસંકલ્પ છે.

એમના પ્રાગટ્ય પર્વે એમનો શુભ સંકલ્પ સાકાર થાઓ - એવી અંતઃકરણના ઊંડાણથી શુભેચ્છાઓ અને દુઆઓ પાઠવીએ...

**- ડૉ. કેશુભાઈ દેસાઈ**

# એક અદના આદમીની દૃષ્ટિએ નરેન્દ્ર મોદી એટલે કોણ?

**પ્રારબ્ધને અહીંયાં ગાંઠે કોણ?**
**પડકાર ઝીલનારો માણસ છું,**
**હું તેજ ઉછીનું લઉં નહીં : હું જાતે બળતું ફાનસ છું,**
**ઝળાઝળાંનો મોહતાજ નથી : મને મારું અજવાળું પૂરતું છે,**
**અંધારાનાં વમળને કાપે : કમળ - તેજ તો સ્ફુરતું છે.**
**ધુમ્મસમાં મને રસ નથી : હું ખુલ્લો અને નિખાલસ છું.**
**પ્રારબ્ધને અહીંયા ગાંઠે કોણ? હું પડકાર ઝીલનારો માણસ છું.**
**કુંડળીને વળગવું ગમે નહીં ને ગ્રહો કને શિર નમે નહીં,**
**કાયરોની શતરંજ પર જીવ સોગઠાબાજી રમે નહીં.**
**હું પોતે જ મારો વંશજ છું : હું પોતે મારો વારસ છું.**
**પ્રારબ્ધને અહીંયાં ગાંઠે કોણ?**
**હું પડકાર ઝીલનારો માણસ છું.**

આ કવિતા સંવેદનશીલ, સ્વાભિમાની, નિખાલસ અને સાલસ એવા પ્રધાનસેવક શ્રી નરેન્દ્ર મોદીએ લખી છે. નસીબને, કુંડળીને, ગ્રહોને આધારે જીવનનો રાહ નક્કી કરવામાં નહીં પરંતુ પુરુષાર્થના ધ્યેયમંત્રને જ જીવનમંત્ર બનાવનારા નરેન્દ્ર મોદીના જન્મદિવસે તેમની સંવેદશીલતા, નિખાલસતા અને સાલસતા વિશે વાત કરવી છે. તેઓ ખુદ કહે છે કે હું રાજકારણ કરવા નહીં રાજનીતિ કરવા આવ્યો છું. તેમના શબ્દોનો ગૂઢાર્થ અને તેમના મૌનનો વાક્યાર્થ સમજવો એ દરેકનું કામ નથી.

નરેન્દ્ર દામોદરદાસ મોદી. ૨૦૧૪માં પ્રધાનમંત્રી તરીકે શપથ લીધા ત્યારે "મૈં નરેન્દ્ર દામોદરદાસ મોદી" વાક્ય બોલનારા દૃઢનિષ્ચયના સ્વામી એવા નરેન્દ્ર મોદીને પૂરી દુનિયા ઓળખતી થઈ ગઈ. આ નરેન્દ્ર મોદી કોણ છે? રાજકીય વિશ્લેષકની દૃષ્ટિએ કે પછી વિરોધ કરવા ખાતર કરનારા વામન-મના મૂઢોની દૃષ્ટિથી નહીં પરંતુ એક સામાન્ય ભારતીય નાગરિકની દૃષ્ટિએ જાણીએ કે આ નરેન્દ્ર મોદી કોણ છે?

એક બાપની જેમ મેડલ લેવાથી ચૂકી ગયેલી આપણી હોકી ટીમની દીકરીઓને સાંત્વના આપતો ફોન કરે તે નરેન્દ્ર મોદી. એક ભાઈબંધની જેમ વિજ્ઞાની ડૉક્ટર સિવનને મિશન નિષ્ફળ થવા પર પીઠ થાબડીને આશ્વાસન આપે તે નરેન્દ્ર મોદી. આપણા પેરા-ઓલમ્પિક ખેલાડીઓ ગળગળા થઈને કહે કે આટલું સન્માન તો અમને ક્યારેય કોઈએ આપ્યું નથી આવું સન્માન આપનારા પહેલા વડાપ્રધાન એટલે નરેન્દ્ર મોદી. રાજકીય કાપાકાપી ચૂંટણીની માયાજાળ અને વિરોધીઓના કેટલાય વંટોળ વચ્ચે કેદારનાથની ગુફામાં ચૂપચાપ ધ્યાન કરવા જતા રહે એ નરેન્દ્ર મોદી. આજે સામાન્ય વૉર્ડના કોર્પોરેટર પણ પોતાના પદની રુએ પરિવારજનોને લાભ અપાવતા નજરે ચડે છે ત્યારે આજ સુધી માત્ર એકવાર જેની માતાએ પ્રધાનમંત્રી આવાસમાં પગ મૂક્યો છે બીજું કોઈ દિલ્હી ફરક્યું પણ નથી એવા અકિંચન એટલે નરેન્દ્ર મોદી. ભલભલા વિરોધીઓએ પણ સ્વીકારવું પડે કે જ્યારે આખો દેશ કોરોનાના કારણે lockdown જાહેર થયા પછી અસમંજસમાં હતો ત્યારે એક વાલીની જેમ આખા દેશની જનતાને આત્મીયતાથી, સંવેદનાથી સંબોધીને સ્વજન અને મિત્રો સાથે ઘરમાં રહેવાની આજીજી કરે અને લોકો મહદંશે તેમની વાત સ્વીકારી લે એ નરેન્દ્ર મોદી. એક સમયે અમેરિકા જેને વિઝા પણ આપવા તૈયાર નહોતો એ જ વ્યક્તિ માટે લાલ જાજમ પાથરીને આવ ભગત કરીને વ્હાઈટ હાઉસ જેની માટે શણગારાય તેવી વ્યક્તિ એટલે નરેન્દ્ર મોદી. જે પોતાને કોમનમેન કહે કે પ્રધાન સેવક



કહે તે હોંશે હોંશે સ્વીકારવાનું મન થાય તેનું નામ નરેન્દ્ર મોદી. પર્યાવરણના મહત્ત્વને સમજાવવા માટે ડિસ્કવરી ચેનલના 'મેન વર્સીસ વાઈલ્ડ' પ્રોગ્રામમાં પહોંચીને કોર્બેટના જંગલોને સાચા પ્રકૃતિપ્રેમીની જેમ ખૂંદનાર એટલે નરેન્દ્ર મોદી. પોતાના નિર્ણયમાં અફર અને બીજા કોઈની સાડાબારી રાખ્યા વગર જે પરિણામ આવે તેને હિંમતભેર સ્વીકારીને ચેલેન્જ ઉપાડવાની જેને આદત છે તે નરેન્દ્ર મોદી. જેને પોતાની માતા પ્રત્યે ખૂબ જ પ્રેમ છે પરંતુ જેણે હંમેશા ભારતમાતાને સવાઈ માતા તરીકે જોઈ છે તે નરેન્દ્ર મોદી. એક અદના માણસને કે જેને રાજકારણ અને નેતાઓમાં કોઈ રસ જ રહ્યો ન હતો, જેઓ કોઈ રાજકીય નેતાને માત્ર તુચ્છકાર અને નીરસભાવે જ જોતા હતા તેમને રાજનીતિમાં રસ લેતા કરીને નવી ઊર્જા પૂરી પાડનારા એટલે નરેન્દ્ર મોદી. કોઈ સાચા સમાજસેવી, દેશના કોઈ ખૂણામાં ચૂપચાપ દેશસેવાનું કે રાષ્ટ્રસેવાનું કામ કરતા રહેનારા સાચા પણ વણપોખાયેલા માનવોને પદ્મશ્રી, પદ્મવિભૂષણ જેવું સન્માન આપનાર હિરાપારખું એટલે નરેન્દ્ર મોદી. રાષ્ટ્ર ઉત્થાનમાં દેશનો નાનામાં નાનો માણસ પણ પોતાનો ફાળો આપી શકે તેવો વિશ્વાસ જગાડનાર લોકનેતા છે નરેન્દ્ર મોદી. ટ્રેનમાં, રસ્તા પર કે જાહેર સ્થળોએ કચરો ફેંકતા મા-બાપને રોકતા બાળકોમાં જ દેશપ્રેમ અને સ્વચ્છતાના પાઠ શીખવનાર શિક્ષક એટલે નરેન્દ્ર મોદી. એક નેતા પણ ફેશનટ્રેંડર બની શકે તેવા સાનંદાશ્ચાર્યને અને જેમની ડ્રેસિંગ સેન્સ અને લુકની ચર્ચા થાય તેવી વ્યક્તિ એટલે નરેન્દ્ર મોદી. જે ભગવાં કપડાંમાં સાધુ જેવા લાગે, મિલેટ્રી ડ્રેસ પહેરે તો સૈનિક જેવા લાગે, સામાન્ય રોજિંદા પોશાકમાં દિવ્ય રાજપુરુષ લાગે તેવા પ્રભાવક વ્યક્તિત્વના ધની એટલે નરેન્દ્ર મોદી. આટ-આટલું કામ અને પળોજણ વચ્ચે પણ નવરાત્રીમાં માત્ર લીંબુ શરબત પીને જ નવ-નવ દિવસ કાઢીને માતાજીની ભક્તિ કરે તે ભક્ત એટલે નરેન્દ્ર મોદી. ક્યારે કેટલું બોલવું અને ક્યારે ચૂપ રહેવું એ સારી રીતે જે જાણે છે, એથીય વધુ તો સામેની વ્યક્તિને કેવી રીતે ચૂપ કરી દેવી એ જેઓ જાણે છે તે નરેન્દ્ર મોદી. જી-૭ સમિટ હોય કે હાઉડી મોદી પ્રોગ્રામ હોય કે પછી યુનોની મીટિંગમાં જ્યાં વિશ્વનેતાઓની વચમાં ઊભા હોય તો જેની ચાલ અને બોડી-લેંગવેજ દ્વારા બીજાને વામણા બનાવી દે તેવું વિરાટ વ્યક્તિત્વ એટલે નરેન્દ્ર મોદી.

આ છે, નરેન્દ્ર મોદીની ઓળખ. દેશનો અદનો માણસ તો શ્રી નરેન્દ્ર મોદીને આ જ રીતે ઓળખે છે, કેમ ખરુંને? આજે તેમના જન્મદિવસે ઈચ્છીએ કે હવેના વર્ષોમાં તેમનું સ્વાસ્થ્ય નિરામય રહે. કારણકે તેમના હાથે હજી ઘણા અવિસ્મરણીય કાર્યો થવાના બાકી છે.

અંતે તેમનું લખેલું એક કાવ્ય માણીએ કે જેમાં તેમના જીવનની ફિલસૂફી જોવા મળે છે. એક સંવેદનશીલ કવિ, ભાવનાશીલ વ્યક્તિત્વની સાથે ચાણક્યની નીતિને પણ પચાવી જાણીને શઠં પ્રતિ શાઠ્યં કરી જાણનારા નેતા મળવા મુશ્કેલ છે. આ સમયે આપણા સદ્‌નસીબે આવું નેતૃત્વ અત્યારે આપણને મળ્યું છે.

સફળ થયા તો ઈર્ષાપાત્ર, નિષ્ફળ થયા તો દયાપાત્ર.
સફળ-નિષ્ફળની પાર થઈને ત્રીજે કિનારે ઊભો માત્ર.

**ધન્ય**

**પૃથ્વી આ રમ્ય છે,**
**આંખ આ ધન્ય છે.**
**લીલાછમ્મ ઘાસ પર તડકો ઢોળાય અહીં**
**તડકાને કેમે કરી ઝાલ્યો ઝિલાય નહીં**
**વ્યોમ તો ભવ્ય છે**
**ને પૃથ્વી આ રમ્ય છે.**
**આભમાં મેઘધનુષ મ્હોરતું, ફોરતું,**
**હવામાં રંગનાં વર્તુળો દોરતું.**
**કિયા ભવનું પુણ્ય છે ?!**
**જિંદગી ધન્ય છે, ધન્ય છે.**
**સમુદ્ર આ ઊછળે સાવ ઊંચે આભમાં.**
**કોણ જાણે શું ભર્યું છે વાદળોમાં ગાભમાં!**
**સભર આ શૂન્ય છે.**
**પૃથ્વી આ રમ્ય છે.**
**માનવીના મેળા સાથે મેળ આ મળતો રહ્યો.**
**ને અન્યના સંગાથમાં હું મને કળતો રહ્યો.**
**આ બધું અનન્ય છે.**
**ને કૈંક તો અગમ્ય છે.**
**ધન્ય ધન્ય ધન્ય છે.**
**પૃથ્વી મારી રમ્ય છે.**

**- નરેન્દ્ર મોદી**

કોઠે પડે નહીં કાયરતા ને પામરતાની શાને પરવા?
જીવન પૂર્ણપણે જીવીને હું ઝંખું છું મરવા.
ઈશ્વરની છત્તરછાયામાં રોજ શીખું છું : હું તો છાત્ર.
સફળ થયા તો ઈર્ષાપાત્ર, નિષ્ફળ થયા તો દયાપાત્ર.
નિંદાનો આ ખારો દરિયો સ્તુતિની મધ-મીઠી વાણી,
બન્ને નકામી છાવણીઓ છે આપણે રાખવી અકબંધ કહાણી.
પ્રાર્થુ એટલું યુદ્ધભૂમિ પર કંપે નહીં મારાં ગાત્ર.
સફળ થયા તો ઈર્ષાપાત્ર, નિષ્ફળ થયા તો દયાપાત્ર.

**- જય ઓઝા**

# મહાન સંભાવનાઓનું નામ 'બાળક' અને 'બાળક'ની અનોખી વિદ્યાપીઠ એટલે 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી'

માનવજીવનનો ઉષ: કાળ... સૂર્યોદય એ જીવનનો અતિ મહત્વપૂર્ણ તબક્કો છે. ઊગતા સૂરજના અદ્‌ભુત રંગો, એની લાલિમા જેમ આપણાં મન, હૃદય અને ચક્ષુને દિવ્યતાથી ભરી દે છે તેમ શૈશવાવસ્થા, બાળપણ પરિવારને હર્યોભર્યો બનાવી દે છે. માતા-પિતાનો ખાલીપો, હજાર જાતની ચિંતાઓ અને વ્યગ્રતાઓ નિર્દોષ બાળકના મુખારવિંદને જોતાં જ દૂર થઈ જાય છે. બાળકનો



કરિશ્મા અદ્‌ભુત છે.

જેમ સવાર પરથી દિવસનો અણસાર આવે,
તેમ બાળપણ પરથી વ્યક્તિનો અંદાજ આવે.

બાળપણને સ્વસ્થ વ્યક્તિ-સમાજના સર્જન માટે સૌથી મહત્વનો તેમજ સાનુકૂળ તબક્કો ગણવો જોઈએ.

આ મહાસત્યનો સાક્ષાત્કાર ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને વર્તમાનના નૂતન ભારતના સ્વપ્રદૃષ્ટા પરમ આદરણીય નરેન્દ્રભાઈ મોદીને થયો અને સાક્ષાત્કારની એ ચેતનવંતી ક્ષણે ગુજરાતની આ પાવન ધરતી પર 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી'નો જન્મ થયો. 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી'ના પ્રેરણાસ્ત્રોત એવા આદરણીય અને યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈના જન્મદિવસે - ૧૭ સપ્ટેમ્બરે અમે બધા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ઘટકો એમને પરમ આદર સાથે નમન કરીએ છીએ.

બાળક ગર્ભમાં હોય, આ ધરતી પર પગલી માંડે ત્યારથી માંડીને તરુણો-યુવાનો-યુવતીઓની પ્રચંડ શક્તિને ચેતનવંતી કરવા માટે સૈદ્ધાંતિક, સંશોધનાત્મક, વિસ્તરણ અને શૈક્ષણિક આયામોનું સર્જન કરીને સમન્વિત કાર્યયોજનાનો ગહન અને લાંબા ગાળાનો વિચાર કરનાર સમગ્ર વિશ્વની આ પ્રકારની એકમાત્ર યુનિવર્સિટી છે.

**નૂતન ભારતના સ્વપ્રદૃષ્ટા પરમ આદરણીય નરેન્દ્રભાઈ મોદીને થયો અને સાક્ષાત્કારની એ ચેતનવંતી ક્ષણે ગુજરાતની આ પાવન ધરતી પર 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી'નો જન્મ થયો. 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી'ના પ્રેરણાસ્ત્રોત એવા આદરણીય અને યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈના જન્મદિવસે - ૧૭ સપ્ટેમ્બરે અમે બધા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ઘટકો એમને પરમ આદર સાથે નમન કરીએ છીએ.**

મા. નરેન્દ્રભાઈએ આ યુનિવર્સિટીનું ધ્યેયસૂત્ર આપ્યું છે : પ્રત્યેક બાળક મહત્વનું છે. એમની મહાન અને ઉજ્જવળ ભાવિની આકાંક્ષા પણ એમના આ કથનમાં અભિવ્યક્ત થાય છે.

Children's University will empower the younger generation,

સ્વપ્રદૃષ્ટા નરેન્દ્રભાઈએ બાળ ઉછેર જેવા પાયાના વિષય માટે પણ પોતાનો વિચાર આ શબ્દોમાં વ્યક્ત કર્યો છે :

"બાળકનો ઉછેર એવી હૂંફ અને સંભાળથી થવો જોઈએ કે જેથી તે શારીરિક, માનસિક, બૌદ્ધિક, ભાવાત્મક અને આધ્યાત્મિક રીતે સ્વસ્થ માનવ તરીકે વિકસે અને તેને આત્મસાક્ષાત્કારના અવસર મળી રહે."

બાળકની અનન્યતા અને આનંદશીલતાનું સંરક્ષણ, સંવર્ધન અને પ્રગટીકરણ કરવાની અમારી નેમ છે. બાળકના સર્વાંગીણ વિકાસ માટે, વાલીઓને સાચી શિક્ષણદૃષ્ટિ આપવા માટે અને શિક્ષકોની શૈક્ષિક નિષ્ઠા - સજ્જતા વધારવા માટે આ યુનિવર્સિટી તપોવન કેન્દ્ર, શિશુ પરામર્શન કેન્દ્ર, શિશુનિકેતન, વિદ્યાનિકેતન જેવી અનેક પ્રકારની કાર્યયોજનાઓ ચલાવી રહી છે, જેના દ્વારા ગુજરાતના શિક્ષણજગતમાં અને જનજીવનમાં ઈષ્ટ પરિવર્તન આવવાની પ્રબળ સંભાવના છે.

બાળકો રૂપી મૂડીનું જતન અને સંવર્ધન આપણાં હૈયે છે. આપણાં બાળકો શીલ સંપન્ન, બુદ્ધિમાન અને ક્રિયાશીલ બને એ આપણા સહુનો ઉદ્દેશ્ય છે, બાળકોને આપણે પૂર્ણ વિકસિત અને આત્મશ્રદ્ધાથી છલકતાં જોવાં છે. એમનામાં સમાજને નેતૃત્વ પૂરું પાડવાના ગુણો ભરવા છે. એમને રાષ્ટ્રના અને વિશ્વના સૂત્રધાર બનાવવાં છે.

પણ, આ માટે અણથક અવિરત પ્રયત્નોની જરૂર છે. કોઈએ વૈચારિક રીતે નિષ્ક્રિય રહેવું નહીં પાલવે. સમાજના પ્રત્યેક બાળકની ચિંતા કરતી 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી' હવે પરિવારોનું છત્ર બની છે. આપણે બધાએ મળી સંસ્કારોનું વાવેતર કરવાનું છે, મનુષ્યની ખેતી કરવાની છે. અભિમન્યુ, શિવાજી, વિવેકાનંદ અને શંકરાચાર્યની જેમ ગર્ભાવસ્થાથી જ સંસ્કાર-પ્રક્રિયા શરૂ કરવાની છે. બિયારણ સારું જોઈશે. ઉત્તમ સંતતિ પેદા કરવા માતા-પિતાએ પણ ઉત્તમ બનવું જોઈશે.

ગુજરાતના ઘરેઘરમાં કેળવણી અને સંસ્કારની વિભાવના જો સ્પષ્ટ હશે તો સમાજની કાયાપલટ કરવી એ અઘરું નથી. ગુજરાતની જનતા સમજુ અને સંસ્કારક્ષમ છે. વિકાસની અવધારણાને સમજવાની એની તાકાત છે. સમગ્ર દેશને અને વિશ્વને બાળ વિકાસની પ્રબળ પૃષ્ઠભૂમિ પૂરી પાડવાની ક્ષમતા 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી'માં છે. એ રીતે જોતાં આ યુનિવર્સિટીનું કાર્યક્ષેત્ર ભલે ગુજરાત રહ્યું, પણ એનું કાર્ય વૈશ્વિક છે. સમગ્ર વિશ્વની જ્ઞાનની વિદ્યાપીઠ બનવાની ક્ષમતા એનાં દર્શન અને વિચારમાં રહેલી છે. માટે જ ગુજરાતની પવિત્ર ભોમકામાં અદમ્ય સંકલ્પ સાથે આ અનોખી યનિવર્સિટી પાંગરી છે. અમારો મનોભાવ છે કે -

વાવવાં છે બીજ મારે બાળકોનાં દિલ મહીં,
વૃક્ષ થઈને ઊગશે એ નામ જિજ્ઞાસા ધરી!
જ્ઞાનરૂપી ફળ પછી તો આવશે એ વૃક્ષ પર,
શીખવી દેશે સહજ જીવવાનું જિંદગી!
બીજમાં જેમ વટવૃક્ષ છુપાયેલું છે,
તેમ બાળકમાં શ્રેષ્ઠ માનવ બનવાની
અસીમ સંભાવનાઓ છુપાયેલી છે.

આપણે યોગ્ય વાતાવરણ પૂરું પાડી બાળકની આ અસીમ-અનંત સંભાવનાઓને પાંગરવાની તક આપીએ.

"ના જાને કિસ રૂપમેં નારાયણ મિલ જાય!"
એ મહાન સત્યને સમજો અને વિચારો -
"અમારું બાળક મહાન બનવા સર્જાયું છે,
શક્ય હોય એ જ નારાયણી શક્તિ ધરાવતું હોય!"

બાળકની અંદર પડેલી 'નારાયણી' શક્તિને ઓળખનાર દંપતી જ સર્વોત્તમ માતાપિતા છે... અને એ બધાનું શીળું છત્ર છે - ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી... જેનું મહાન લક્ષ્ય છે - તેજસ્વી બાળક : તેજસ્વી ભારત

**- હર્ષદ પ્ર. શાહ**